# 87

**મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ પર બાન મૂકવા બાબત**

*** 15/03/484 શ્રી શૈલેષ પરમાર(દાણીલીમડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | ગુજરા શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ દ્રારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ તેમજ તેના તમામ ડીરેકટર્સને તા.૨૦/૦૫/૨૦૨૧ના હુકમથી બ્લેકલીસ્ટ અર્થાત બાન મુકવામાં આવેલ તે તમામ વિભાગોને જાણ કરવા માટે વિભાગ દ્રારા ઉધોગ અને ખાણ વિભાગના 'Manual of Office Procedure for Purchase of Stores by the Government Departments'ના ચેપ્ટર–૧૫ મુજબ કાર્યવાહી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૧–૦૭–૨૦૨૩ની સ્થિતિએ ક્યારે પૂર્ણ કરીને તમામ વિભાગોમાં બાન મુકવામાં આવેલ છે, અને | (૧) | મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટરશ્રીઓ સામે શિક્ષણ વિભાગ હસ્તકની આ કચેરી સિવાયની તમામ ખાતાના વડાની કચેરીઓ તથા સરકારશ્રીના તમામ વિભાગોમાં પ્રીન્ટીંગની કામગીરી મેળવવા સામે પ્રતિબંધ અંગેની બાબત વિચારણા હેઠળ છે. |
| (૨) | ઉક્ત કાર્યવાહી પૂર્ણ ન થઈ હોય તો તેના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) | પ્રસ્તુત બાબત વિચારણા હેઠળ છે. |

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -